# શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલી

સમાજ - સહકાર - સંગઠન

REGD. NO. MH - 222-1983 G.B.B.S.D.

**શ્રી મૂળજીભાઈ ગોપાળજીભાઈ મહેતા પરિવાર (વિરાર) પ્રેરિત બોરીવલી કાર્યાલય**

બોરીવલી કાર્યાલય : ૧૦૧, શ્રીમદ્ ગોકુલ, અનિલભાઈ દેસાઈ રોડ,મંડપેશ્વર સિવીક ફેડરેશન (MCF) થી આગળ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨, ફોન : (૦૨૨) ૩૫૬૪૭૦૭૬ / ૮૭૯૩૪ ૦૪૧૩૬

E-mail : sgdss1983@gmail.com / Website : www.gohilwadsangh.org

**કે.ટી. પરિવાર (વસઈ) પ્રેરિત કે.ટી.વાડી**

વસઈ કાર્યાલય : કે.ટી. વાડી, હોલી પેરેડાઈઝ સ્કુલની બાજુમાં,કે.ટી.વિલેજ, વસઈ (વેસ્ટ), જી. પાલઘર - ૪૦૧ ૨૦૨. ફોન : (૦૨૫૦) ૨૩૩ ૧૯૨૮, ૮૪૫૯૮ ૫૧૦૩૪


શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ-બોરીવલી

સંચાલિત

**શ્રીમતી કાન્તાબેન સન્મુખલાલ શાહ પ્રેરિત**

## શ્રી ઉત્કર્ષ યોજના

**શ્રી દ્વારકાદાસ મુળચંદ પારેખ તથા શ્રીમતી તારાલક્ષ્મી દ્વારકાદાસ પારેખ**

**સ્નેહ સંમેલન જમણવાર યોજના પ્રેરિત**

# ૪૧ મું વાર્ષિક સ્નેહ સંમેલન

**રવિવાર તા. 12-1-2025 ના રોજ સાંજના 4.30 ક.**

**Venue: Sheth Gopalji Hemraj High School**

( Sheth G. H. High School)

M.G.RoadBorivali (E), Mumbai - 400066

આજના સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન

## શ્રી રજનીકાન્તભાઈ પોપટલાલ શાહ

વિલેપાર્લે (વેસ્ટ)

આજના સ્નેહ સંમેલનના અતિથી વિશેષ

પરમ ભગવદીય્

**શ્રી ચીમનભાઈ મુળજીભાઈ મહેતાના સ્મરણાર્થે**

શ્રી ભાવેશભાઈ ચીમનભાઈ મહેતા

બોરીવલી-વિરાર

# ૪૧મું વાર્ષિક સ્નેહ સંમેલન

દિવાળી અને નવા વર્ષની વધામણી માટે આપણા સેવા સંઘના સભાસદો તથા તેમના પરિવારોના દરેક સભ્યો સેવા સંઘ ક્યારે સ્નેહ સંમેલન ઉજવે તેની રાહ જોઈ રહ્યા હોય છે, કારણ કે મુંબઈની દોડધામ ભરી જીંદગી અને જુદા જુદા પરાઓમાં રહેતા હોવાથી તેમ જ ધંધા નોકરીના કારણે નિયમિત મળી શકતા નથી. આ ઉપરાંત પોતાના સંતાનો માટે વેવિશાળ લગ્ન માટે પણ દરેક કુટુંબો મુશ્કેલી અનુભવી રહ્યા હોય છે.

આવા પ્રશ્નના નિરાકરણ માટે અવાર નવાર સ્નેહ સંમેલન, એક દિવસીય પર્યટન. મનોરંજન કાર્યક્રમો, કન્યા મુરતિયા પરિચય સંમેલન તથા સમુહ લગ્નના પ્રસંગો યોજી સેવા સંઘના કુટુંબોનો અવાર નવાર મેળાપ કરાવે છે.

આ માટે આ વર્ષે દિવાળી પછીનો 41મો સ્નેહ સંમેલનનો કાર્યક્રમ રવિવાર, તા. 12-1-25ના રોજ ઉપર મુજબના સ્થળે રાખવામાં આવેલ છે. આ સ્નેહ સંમેલનમાં વધુમાં વધુ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહી એ આપણા સ્નેહ સંમેલનની શોભામાં વધારો કરશો. અને અભુત પૂર્વ સફળ બનાવવા સહભાગી બનશો એવી વિનંતી.

યજમાન શ્રેષ્ઠીઓ, આમંત્રિત મહેમાનો તથા આપણા તથા અન્ય જ્ઞાતિ/અન્ય સંસ્થાઓના પ્રમુખો તથા આપણા સેવા સંઘના સભાસદોની ઉપસ્થિતીમાં યોજાતા ભવ્ય મંચ સમારોહ દરમ્યાન આપણા સમાજના વિશિષ્ટ સિતારાઓનું સન્માન તથા ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ભાઈ બહેનોનું ટ્રોફી, મેડલ તથા સર્ટીફીકેટ આપીને સન્માન તથા લક્કી ડ્રોના કાર્યક્રમ કરી સ્નેહ સંમેલનને અભુતપૂર્વ સફળ કરીશું.

આ ઉપરાંત આ સ્નેહ સંમેલનને આનંદોત્સવ બનાવવા માટે મનોરંજન કાર્યક્રમ તથા સ્વાદિષ્ટ ભોજન સમારંભનું આયોજન પણ કરવામાં આવે છે.



## બુફે પાસ

વિતરણ તથા સ્થળ

તા.16-12-2024 થી
તા. 31-12-2024 સુધી
રવિવારે બંધ રહેશે.

**વ્યક્તિ દીઠ ₹ 200/-**
બુકીંગ વખતે દરેકના આપવાના રહેશે.

**સ્નેહ સંમેલનના બુફે પાસ નીચે જણાવેલ સ્થળોએ આપવામાં આવશે.**

**સેવા સંઘના ઓળખપત્ર (I.D.Card)**
સાથે લાવવા ફરજીયાત છે.

**: સેવા સંઘ-બોરીવલી :**
સમય : સાંજના 4.30થી 6.30ક

**: સેવા સંઘ કે.ટી.વાડી-વસઈ:**
સમય: સવારના 10.00 થી 12.00ક.
તથા સાંજના 4.00 થી 6.00

## Annual Subscription Fee

જેમણે હજુ ₹ 300/- વર્ષના અથવા ₹ 750/- ત્રણ વર્ષના ન ભર્યા હોય તેઓએ Annual Subscription Fee ભરી પાસ મેળવી લેવા વિનંતી... જેઓએ આ ફી નહીં ભરી હોય તેઓને સ્નેહ સંમેલનના ાસ આપવામાં આવશે નહીં. આ ઉપરાંત સ્નેહ સંમેલનના દિવસે બુફે પાસ આપવામાં આવશે નહીં તેની નોંધ લેવા વિનંતી.

## Corporate Social Responsibility (C.S.R.)

સેવા સંઘના સભ્યોને જણાવવાનું કે આપણા સેવા સંઘ પાસે C.S.R. Registration Certificate આવી ગયેલ છે. તેથી દાતાઓને નમ્ર નિવેદન કે C.S.R.યોજનાનો લાભ લઈ સેવા સંઘને મહત્તમ અનુદાન આપી સેવા સંઘ દ્વારા ચાલતી કાયમી યોજનાઓમાં સહભાગી થવા વિનંતી.

# ૪૧ મું વાર્ષિક સ્નેહ સંમેલન

## નમ્ર વિનંતી અનુદાન માટે

આપ સર્વે સભાસદ ભાઈ બહેનોને ખાસ જણાવવાનું કે સ્નેહ સંમેલનમાં હાજર રહેનારની સંખ્યા સારી એવી રહેતી હોય છે આ માટે ગ્રાઉન્ડ ભાડું, ડેકોરેશન, મનોરંજન કાર્યક્રમ, ભોજન સમારંભ તથા વિદ્યાર્થી ભાઈ બહેનોને ઇનામો, વિશિષ્ટ સિતારાઓનું સન્માન, લક્કી ડ્રો વગેરે માટે ઘણાંજ ખર્ચા થાય છે તેના માટે સેવા સંઘના દરિયા દિલ દાતાઓને નમ્ર વિનંતી "કે આપ સર્વે વધુમાં વધુ અનુદાન નોંધાવશો તેવી વિનંતી. તા." તા.31-12-2024 સુધીમાં રૂપિયા 5,000/10,000, જમણવારના દાતા તરીકે જેઓ આપશે તેઓના નામ સ્નેહ સંમેલનના દિવસે રજુ થતા સરક્યુલરમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

---

## વૈદકીય રાહત

### પથદર્શક મેડીકલ ટ્રસ્ટ-અંધેરી

પથદર્શક ટ્રસ્ટ દ્વારા મેડીકલના ખર્ચામાં રાહત થાય તે માટે સેવા સંઘના દરેક સભાસદોને દવામાં 25% ડિસ્કાઉન્ટ આપે છે. સેવા સંઘના ખરેખર જરૂરિયાતવાળા સભાસદોને દવામાં 60% ડિસ્કાઉન્ટ આપે છે. આ માટે ખરેખર જરૂરિયાતવાળા સભાસદે સેવા સંઘની ઓફીસમાં આવી ફોર્મ ભરી પત્ર લઈ જવા વિનંતી છે. આ ઉપરાંત વિરારમાં પણ હોસ્પીટલ શરૂ કરેલ છે. જેમાં દરેક જાતની સારવાર ખુબ જ રાહતના દરે આપવામાં આવે છે. આ માટે નીચે આપેલ સરનામા પર પધારી જરૂરિયાત વાળા સભાસદો ખાસ લાભ લેશો.

પથદર્શક મેડિકલ સેન્ટર : દફતરી કોમ્પલેક્ષ, પહેલે માળે, એમ્બી એસ્ટેટ, વિરાર, 401303

---

## અગત્યની સુચનાઓ

1) વિશિષ્ટ સિતારા, આંતર રાષ્ટ્રિય તથા રાજ્ય ક્ષેત્રે પુરસ્કૃત તથા અન્ય સર્ટીફીકેટ મેળવનારને ઇનામો આપવામાં આવશે. જે કમિટી ફાઇનલ કરશે.
2) શાળા તથા કોલેજમાં ભણતા જે વિદ્યાર્થી ભાઈ બહેનોને ઇનામ લાગ્યા છે તેઓને નમ્ર વિનંતી કે તેઓએ સ્નેહ સંમેલનના દિવસે 5.00 વાગ્યા સુધીમાં આવી હાજરીની નોંધ કરાવી લેવી.
3) આ કાર્યક્રમ સેવા સંઘના સભાસદો તથા તેમના પરિવારના સભ્યો પૂરતો જ મર્યાદિત છે.
4) સ્નેહ સંમેલનના દિવસે સેવા સંઘે આપેલ ઓળખ પત્ર (I Card) ફરજીયાત છે.
5) લક્કી ડ્રો કુપનનું બોક્સ સ્ટેજ પાસે રાખવામાં આવશે, તો કુપન રાત્રીના 7.00 ક. સુધીમાં બોક્સમાં નાખી દેવા વિનંતી
6) પાણી તથા વેલકમ ડ્રિંક્સની વ્યવસ્થા મુખ્ય પ્રવેશદ્વાર ।પાસે રાખવામાં આવેલ છે.
7) ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
8) વેલેટ પાર્કીંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
9) સ્નેહ સંમેલનના દિવસે કોઈ પણ સંજોગોમાં ગ્રાઉન્ડ ઉપરથી જુદે પાસ આપવામાં આવશે નહીં.
10) અનુદાન લેવા માટે તથા બોક્સમાં અનુદાન આપવા માટેની વ્યવસ્થા મેઇન ગેટ પાસે રાખવામાં આવેલ છે.
11) કોઈ પણ જાતની પૂછ પરછ માટેનું કાઉન્ટર સ્ટેજની પાસે રાખવામાં આવેલ છે.

શું આપ જાણો છો રજનીભાઇ વિશે? આવો જાણીએ

## મુખ્ય મહેમાનઃ શ્રી રજનીકાંત પોપટલાલ શાહ

# જીવન ઝરમર

રજનીભાઇનો જન્મ ભાવનગર ખાતે થયો હતો. નાનપણમાં આર્થિક સ્થિતી સાધારણ હતી પરંતુ ભણવામાં ખુબ જ રસ હતો. નાનપણથી દરેક વરસે તેઓશ્રી સારા માર્કસ સાથે હંમેશા પ્રથમ ક્રમાંકે પાસ થતા હતા. લગભગ 9-10 વર્ષની ઉંમરે તેઓનું કુટુંબ વસઇ ખાતે રહેવા આવી ગયું હતું. વસઇમાં તે વખતે ગુજરાતી સ્કુલ ન હોવાથી મરાઠી માધ્યમમાં ભણી S.S.C.માં સારા માર્કસ સાથે થાણા જીલ્લામાં પ્રથમ ક્રમાંકે પાસ થયા.ત્યાર બાદ સુપ્રસિદ્ધ એન્જીન્યરીંગ કોલેજ VJTI મેકેનિકલ એન્જીન્યરીંગની ડિગ્રી મેળવી.

શરૂઆતમાં ભણતર પુરૂ થયા બાદ અનુભવ લેવા માટે 5-6 વરસ મોટી કપનીમાં સર્વિસ કરી.તે દરમ્યાન નાના ભાઇ બહેનો ભણતા હતા. સૌને ભણાવ્યા પછી નોકરીમાં લગાવવાના પ્રયત્નમાં, સમય બદલે તેમને નાના પાયે પોતાની સ્પ્રીંગ કંપની શરૂ કરી.તેમાં બધા ભાઇ બહેનો ભણી ગણીને જોડાતા ગયા, અને ધંધો વધારતા ગયા. અત્યારે પોતાના 4 ભાઇઓ પોતપોતાના ધંધામાં ખુબ જ અગ્રેસર છે.શ્રી રજનીભાઇની પોતાની સ્પ્રીંગ બનાવવાની ફેક્ટરી ચારકોપ કાંદીવલીમાં અને બીજી વસઇ ખાતે છે. છેલ્લા 50 વર્ષથી તેઓ આ ધંધામાં છે. અને સારી નામના ધરાવે છે.

નાનપણથી તેમને સમાજ સેવાનો ખૂબ જ શોખ હતો.સ્કુલમાં અને કોલેજમાં વિવિધ ક્ષેત્રે તેઓ દાન આપતા હતા. સમાજનું જે ઋણ છે તે ચુકવવા માટે તેઓ અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ છે.બોરીવલીની સુપ્રસિદ્ધ "બોરીવલી એજ્યુકેશન સોસાયટી" માં છેલ્લા 40 વરસથી કમિટીમાં છે.હાલમાં તેઓ એમાં ઉપપ્રમુખ છે. આપણી જ્ઞાતિ સંસ્થા "શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ" માં તે વરસો સુધી "પ્રમુખ" તરીકે હતા.અને હાલમાં "ટ્રસ્ટી "તરીકે સેવા આપે છે.તદ્ઉપરાંત પારડી તાલુકામાં પરિયા ગામે વૃદ્ધો માટે "આધાર ટ્રસ્ટ" કરીને એક સંસ્થા ચાલે છે.તે સંસ્થામાં વૃદ્ધ ભાઇ બહેનો માટે વયસ્ક સહવાસ નામે રહેવાની સગવડતા છે.તેની શરૂઆતથી તેઓ કમિટી મેમ્બર છે.અને હાલમાં ટ્રસ્ટી છે અને ત્યાં છેલ્લા 21 વર્ષથી તેઓ આ સંસ્થા સાથે સંકળાયેલ છે. તે સિવાય પોતાના "ભગત પરિવાર" ના તે ટ્રસ્ટી તથા પ્રમુખ છે. આમ વિવિધ ક્ષેત્રે તેમની કાર્ય કરવાની અને સમાજસેવા કરવાની ધગશથી તેમણે પોતાના સમાજમાં એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

તેમના પરિવારમાં તેમના ધર્મ પત્ની ઇલાબેન, સુપુત્ર પુલ્લિન ભાઇ, પુત્રવધુ કાનનબેન અને બે પૌત્રો ચિ. કૈરવ તથા ચિ. જવલ છે. તેમને બે પુત્રીઓ છે.મોટી પુત્રી બિનાબેન રાકેશકુમાર પારેખ હાલ પાર્લામાં સ્થાયી થયેલ છે.અને નાની પુત્રી નિમિષા અખિલેશભાઇ હાલ બોરીવલીમાં રહે છે. અંગત પરિવાર સિવાય 4 ભાઇઓ અને તેમનું બહોળું કુટુંબ પણ અલગ અલગ ક્ષેત્રની અને સમાજસેવામાં સહકાર્ય કરે છે.

રજનીભાઇને કહેવું છે કે તેમની તાકાત તેમનો સહૃદયી પરિવારઅને કુટુંબ છે. પરિવારના સાથ અને સહકારથી જ તેઓ સમાજ સેવા કરી શકે છે. જે સમાજમાં આપણે જનમ્યા છીએ તે સમાજ માટે સતત કંઇ કરી છુટવું તેવી તેમની માન્યતા છે.

૪૧ મું વાર્ષિક સ્નેહ સંમેલન

તા. 26-11-2024

# ભાવાંજલી

## પરમ ભગવદીય્ ગૌલોકવાસી શ્રી ચીમનભાઈ મુળજીભાઈ મહેતા

## બોરીવલી-વિરાર

સ્નેહી સ્વજન,

આપણા સમાજના મોભી અને આધાર સ્થંભ એવા પરમ્ભગવદીય્ શ્રી ચીમનભાઈ મુળજીભાઈ મહેતાના તા. 24 નવેમ્બર 2024, રવિવારના રોજ શ્રીજીચરણના સમાચાર જાણી શ્રી ગોહિલવાડ દશાશ્રીમાળી સેવા સંઘ, બોરીવલીના સર્વે ટ્રસ્ટીઓ, મેનેજીંગ કમિટીના સભ્યો , મહિલા વિભાગના સર્વે બહેનો કે.ટી.વાડી કમિટીના સભ્યો તથા સર્વે હોદ્દેદારો અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે. તેમના ઉત્તમ જીવનના મુલ્યો, સેવા, સમર્પણ. માયાળુ સ્વભાવ, અને ઉદાર દિલ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.

સદ્ભાવના, સ્નેહ સૌમ્યતા જેનો સ્વભાવ હતો, સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા, પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મનિષ્ઠા હતી તેવા પરમ ભગવદીય્ શ્રી ચીમનભાઈના દિવ્ય આત્માને શ્રીજીચરણમાં સ્થાન મળે એજ પ્રાર્થના સાથે અમારી ભાવાંજલી

Anual SUBSCRIPTION FEE

ONE YEAR 300 Yearly

750 3-Years THREE YEARS

સહર્ષ જણાવવાનું કે એપ્રિલ 2024થી સેવા સંઘનો સંપૂર્ણ કારોબાર (પત્ર વ્યવહાર) ઓનલાઇનથી શરૂ થઇ ગયેલ છે. તેથી હવે કોઇ પણ પ્રિન્ટેડ સરક્યુલર કુરિયરથી મોકલવામાં આવશે નહીં. ફક્ત ડીઝીટલ સરક્યુલર મોકલવામાં આવશે. હવે સેવા સંઘે નવી મોબાઇલ એપ્લીકેશન સેવા શરૂ કરી છે અને નવી વેબસાઇટ પણ લોંચ કરી છે, જેથી તમે નોંધાવેલ મોબાઇલ નંબરથી સેવા સંઘની તથા તમારા ફેમિલીની વિગત જોઇ શકશો. જેમાં નામ, સરનામું ,મો.નં. વગેરે જોઇ શકશો. સેવા સંઘના આવનાર દરેક કાર્યક્રમોની વિગતવાર માહિતી જોઇ શકશો. આ ઉપરાંત દરેક યોજનાના ફોર્મ પણ ડાઉનલોડ કરી શકશો. જેથી તમારે સેવા સંઘની ઓફિસે કોઇ પણ કામકાજ માટે આવવાની જરૂર રહેશે નહીં. આ માટે આપે નીચે આપેલ QR Code સ્કેન કરી એપ્લીકેશન ડાઉનલોડ કરવી પડશે.

## ૪૧ મું વાર્ષિક સ્નેહ સંમેલન

આના આનુસંધાનમાં જણાવવાનું કે આ માટે સેવા સંઘે કોમ્પ્યુટરના ખર્ચા તેમ જ મોંઘવારી વધી છે... દા.ત. મેડીકલ દવાના ખર્ચાઓ ડિજીટલાઇજેશનના ખર્ચાઓ ,અનાજના ખર્ચાઓ, એજ્યુકેશનના ખર્ચાઓ, ઓફિસના ખર્ચાઓ વધ્યા છે તથા બેંકના વ્યાજ દરો ઘટી ગયા છે, તેથી આવક માં પણ ઘટાડો થયેલ છે. આ રીતે અપાતી દરેક યોજનાઓના ખર્ચા પણ વધી ગયા છે. તેથી 05-07-2023 ની મેનેજીંગ કમિટીની મિટીંગમાં તથા તા. 06-08-2023 ની Annual General Meeting માં નક્કી થયા મુજબ એપ્રિલ 24થી રૂપિયા 300 દરેક સભાસદ પાસેથી દર વર્ષે Annual Subcription પેટે Fee લેવાનું નક્કી કરેલ છે. જે કોઇ સભાસદોએ ત્રણ વર્ષના સાથે ભરવાના હોય તેઓ રૂપિયા 750 ભરી આ યોજનાનો લાભ લઇ શકે છે. જે માટે સેવા સંઘની બોરીવલી તથા વસઇના કે.ટી.વાડીમાં આવી ભરી શકે છે. ઘણા સભાસદોએ આ ફી ભરી દીધેલ છે, જેમણે હજુ સુધી ન ભર્યા હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે ભરી સેવા સંઘને આર્થિક રીતે સહાય કરી સહકાર આપવા વિનંતી છે. જે સભાસદોએ આ ફી નહીં ભરી હોય તેઓને સેવા સંઘના સ્નેહ સંમેલન, એક દિવસીય પિકનીક તેમ જ કોઇ પણ કાર્યક્રમમાં તથા કોઇ પણ સહાય યોજનાનો લાભ લઇ શકશે નહીં તેની ખાસ નોંધ લેવા વિનંતી.

**માનદ્ મંત્રી**
શ્રી ભુપેશભાઈ એમ. મહેતા
શ્રીમતી રેવતીબેન એચ. શાહ
શ્રી પંકજભાઈ જે. શાહ

**પ્રમુખ**
શ્રી ભાવેશભાઈ વી. મહેતા

**ઉપપ્રમુખ**
શ્રી હેમાંગભાઈ એમ. શાહ
શ્રી ચેતનભાઈ બી. દોશી

**ખજાનચી**
શ્રી વિજયભાઈ એમ. મહેતા
શ્રી ધર્મિલભાઈ એમ. શાહ
શ્રી સુભાષભાઈ એમ. શાહ

**જયશ્રી કૃષ્ણ**

